## મુમેનીનનું કબ્રસ્તાન યાઅની કે
## “ જન્નતુલ મુમેનીન ”

મુકદ્દસ સૈયદના અબુ તૈયબ યૂસુફ નુરૂદ્દીન સાહબ (ક.રૂ.) એ પ્રતાપનગર મકામ પર મુમેનીનનાં મદફન અને અરવાહે સાલેહીનના મસકન કબ્રસ્તાનને હી.સ.૧૩૮૯ માં **“જન્નતુલ મુમેનીન”** નામ બખ્શું. આ નામના અલ્ફાઝ ઘણા જ આઅલા છે. જેવું નામ છે તેવું જ એ મકામ છે. હકીકતમાં મુમેનીન વાસ્તે જાએ સુકૂન અને મકામે ઈત્મિનાને દિલી છે. સૈયદના મોઅય્યદુદ્દદીન હેબતુલ્લાહ બિન સૈયદના ઝિયાઉદ્દીન સાહબ (ક.રૂ.) ના ઝમાનથી આજ તક ૨૮૦ વરસનો દરાઝ અરસો ગુઝરી ચૂકેલો છે તો પણ આજે આ જગા બતને માદરની મિસ્લ ખિદમત અંજામ આપી રહી છે. આ કબ્રસ્તાનમાં સૈયદના શિહાબુદ્દીન જલાલ સાહબ (ક.રૂ.) પહેલા ઈત્લાકનાં દાઈએ અલવી હતા જેઓના મરકદ મુબારક અને રોઝએ અન્વર બા શાનો જલાલ કબ્રસ્તાનની ઝીનતમાં ઈઝાફો કરી રહ્યા છે. મુમેનીનનાં તમામ વડૌવાઓ આ જગામાં મદફૂન છે અને મુમેનીન જે વકત ફાતેહાખ્વાની વાસ્તે હાઝિર થાય છે તો એક સાથે હઝારો મુમેનીનની અરવાહે સાલેહીનની સોહબત અને તકદીસની બરકાતને હાસિલ કરે છે. **જે ઝમાનામાં અપની જમાઅતની ગિન્તી ૫૦૦ ને કરીબ હતી તે ઝમાનામાં આ અઝીમ અને કુશાદા ઝમીન પોતાની દૌલતથી ખરીદ કરવી એ અપના હુદાતે કિરામની દુરંદેશી અને દૂરબીનીની શાહિદી આપે છે.** મુમેનીન જે કબ્રસ્તાનને આજે નઝરોનઝર જોઈ રહ્યા છે તેમાંથી કેટલીક ઝમીન તો રેલ્વે લાઈન અને ડભોઈ રોડ બનાવવા વાસ્તે સરકાર તરફથી લઈ લેવામાં આવેલી છે. મૌજૂદ કબ્રસ્તાનને આજની નિગાહથી જોતાં એમ ખયાલ આવે છે કે હજુ વરસો વરસ તક મુમેનીનનાં દફનો-કુબૂર વાસ્તે આ જગામાં તંગાશની ગુંજાઈશ રહેશે નહીં.

વકતના તકાઝાને સાથે ઝરૂરત છે આ ગુઝરગાહની આખરી મંઝિલને ઝીનત બખ્શવાની. જમાઅતનો કોઈ ફર્દ એવો નહીં હોય કે એક યા બીજા બહાને અહલો-અકરૂબા, વાલેદૈન-મિલનસારોના રૂહાની ઉમૂરના વકત કબ્રસ્તાનમાં ન આવતો હોય. આ ઝમીનનાં તમામ મોહતાજ અને ગુલામ છે. હર કોઈને આ જગા પર વસવાનું છે અને આલમે બરઝખનો ગુઝર કરવાનો છે. **દુનિયામાં અમારી રિહાઇશ અને મંઝિલ બા ઝૈબો-ઝીનત અને તમામ આરામો આસાઇશને માતહત હોય તો પછી મંઝિલે આખેરત જે જગા પર ગુઝારવાની છે તે કબ્રસ્તાનની ઝીનત અને આરાઇશમાં કમી અને કુસૂર કેમ છે ?** હમેં તમામ મસાજિદ અને મઝારોને ઝીનત બખ્શી રહ્યા છે. હવે વારો છે જન્નતુલ મુમેનીનને હકીકી જન્નત સમાન બનાવવાનો. જમાઅતમાં ઘણી ખિદમતગુઝાર અને કારગુઝાર અંજુમનો મૌજૂદ છે. એક યા બીજા ઝરીઆથી જમાઅતને ફૈઝ અને ખિદમત પહોંચાવે છે. માલી-જાની-નફસાની કુરબાની આપે છે. તો પછી આ ખિદમત, કે જેને સાથે તમામને તઅલ્લુક છે તેમાં બેરૂખી અને ગૈર દિલચસ્પી કેમ ? કૌમમાં ઈસ્લાહ અને ફલાહો બેહબૂદીનાં કામ કરનારા જવાનો-શબાબોને કમર કસીને આગલ આવવાની ઝરૂરત છે. સાહબે દાઅવતનો આ શાકેલત અને નૌઈયતમાં અમલ અને ખિદમત હર પલ સાથે છે. અંજુમનો ખિદમત વાસ્તે તો તૈયાર થાય છે, પણ કામના અંજામ પર પહોંચતી નથી. હિમ્મત હારી જાય છે. અંજુમનના ફકત એક-બે મેમ્બરો ને માથે કામ આવી જાય છે એ મુનાસિબ નથી. **બાહમી તઆવુન અને ઇત્તેહાદે કૌમીની ઝરૂરત છે.**

આ મુજબના રાહત અને ઝીનતનાં કામોમાં ફંડ-નકદના બંદોબસ્તની ઘણી એહમીયત હોય છે. કોઈ પણ પ્રોજેકટમાં હઝારો રૂપિયા દરકાર હોય છે. તઅજ્જુબની વાત તો એ છે કે કબ્રસ્તાનના બેવે મઝારમાં ગલ્લાઓ નથી; મસ્જિદમાં ગોલખ નથી, જેથી થોડી ઘણી માલી ઈમદાદ થાય. સાહબે દાઅવતના સખુનફરમાઁ અને ઈતાઅત ગુઝાર હાજી સફીયુદ્દીન ઢોલકાવાલાની ફેમિલીનું જમાઅત પર એહસાન છે કે કબ્રસ્તાનનાં બન્ને મઝારો અને મસ્જિદનો અકસર એહતેમામ અને ઈંતેઝામ તેઓ કરે છે. દોઆતે કિરામ (આ.કુ.) ની તુરબતે તાહેરા પર ગૈરમાઅમૂલી યકીન અને અકીદો રાખે છે, લેહાઝા બિલા ગરઝો ગાયત બેશુમાર દૌલત ખર્ચ કરે છે અને મઝારોના આબો-તાબ, રંગ-રોગાનને બરકરાર રાખે છે.

કબ્રસ્તાનની તન્ઝીમની આમદનીનો નિઝામ કરવો બેહદ ઝરૂરી છે. મુમેનીનનાં ઘરમાં ગમીના અવસરો આવે છે, કબ્રસ્તાનનો છૂટથી કોઈ પણ લાગત આપા બગૈર ઈસ્તેઅમાલ કરે છે, જે વાત હવે વકતનાં તકાઝાથી દૂર છે. જે મુજબ મસ્જિદ અલ્લાહનું ઘર છે જે તમામ વાસ્તે ખુલ્લું છે અને જમાઅતનો હર ફર્દ આવીને તેમાં નમાઝ પઢી શકે છે પણ તે વાસ્તે સબીલુલ બરકાત આપવી તેના પર લાઝિમ અને વાજિબ થાય જ છે; મુસાફિરખાનું જમાઅતની મિલ્કીયત છે, દોઆતે કિરામે વસાવેલું છે પણ તેનો ફાયદો લેનાર શખ્સને લાગત આપવી ઝરૂરી બને છે, તે જ મુજબ કબ્રસ્તાનની આમદનીનો નિઝામ બનવો જોઈએ. જેની આમદની માંથી તેના રખરખાઉ, ઈંતેઝામ, એહતેમામ, બાગ-બગીચા, રસ્તાઓ-પગદંડીઓ વાસ્તે રકમખર્ચી શકાય. જો ઉમદા આમદની હોય તો ખિદમતગુઝાર અંજુમનને તેનો એહતેમામ સિપુર્દ કરીને હકીકતમાં મુમેનીનનાં કબ્રસ્તાનને **“જન્નતુલ મુમેનીન”** બનાવી શકાય એમાં કોઈ જ શક નથી. ★